# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા અમુલ ડેરીની ઔદ્યોગિક મુલાકાત




ગાંધીનગર, તા. ૮

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગીક મુલાકાત માટે ગાંધીનગર ખાતની પ્રતિષ્ઠિત અમુલ ડેરીમાં લઈ જવામાં આવ્યા હતા.

વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનના વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન ૭૧ વિદ્યાર્થીઓને ૩૫-૩૬ વિદ્યાર્થીઓની ૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ કૉલેજમાં અભ્યાસ કરતા વિવિધ વિષયો અને વર્ગખંડમાં પ્રાપ્ત કરેલ જ્ઞાનનો તુલનાત્મક રીતે પ્રેક્ટિકલ અમલીકરણનો અભિગમ કેળવવો તેમજ કૉર્પોરેટ લીડર તરીકે પ્રસ્થાપિત થાય તેવા લર્નિંગ વેલ્યૂ શીખ્યા હતા તેમજ સંપૂર્ણ વિઝિટનો રિપોર્ટ બનાવી કૉલેજને સુપ્રત કર્યો હતો. આ વિઝિટને સફળ બનાવવા અમુલ ડેરીના અધિકારીઓનો સહકાર મળ્યો હતો. ડેરી ના ટ્રેનર બીજલ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કરાયા હતા.

સમગ્ર વિઝિટ નું આયોજન સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઈન-ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. જાનકી દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.સી.એ. કૉલેજમાં

# થેલેસેમિયા અવેરનેસ સેમિનાર અને ચેક-અપ કેમ્પ




ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા બી.સી.એ. સેમેસ્ટર ૧ અને ૩ના તમામ વિદ્યાર્થીઓ માટે રેડ-ક્રોસ સોસાયટીના સહયોગથી થેલેસેમિયા અવેરનેસ સેમિનાર અને થેલેસેમિયા ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં રેડક્રોસ સોસાયટીના તજ્જ્ઞો દ્વારા ૩૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓને આ વિષય અંતર્ગત માહિતી આપવામાં આવી હતી. સેમિનારની શરૂઆતમાં કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહ દ્વારા "થેલેસેમિયા રોગ વિષે સાચી જાણકારી કેમ જરૂરી છે?" તે કહેવામાં આવ્યું હતું. ગાંધીનગરના જાણીતા સામાજિક કાર્યકર સુકેતુ મહેતાએ વિદ્યાર્થીઓને થેલેસેમિયા રોગ વિષેની જરૂરી સંપૂર્ણ માહિતી હૃદયસ્પર્શી વક્તવ્ય દ્વારા આપી હતી. પોતાના વક્તવ્યમાં તેઓએ આ રોગ વિષે સમાજમાં ફેલાયેલી ગેરમાન્યતાઓ દુર કરી, આ રોગ વિષેની સાચી સમજણ અને ભવિષ્યમાં આ રોગ દ્વારા થતી પરેશાની અને તેની સામે રક્ષણ મેળવવાના ઉપાયો વિષે જાણકારી આપી હતી. સેમિનારના અંતમાં પ્રશ્નોત્તરીના સેશનમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ અંગત રસ લઈ જીણવટ ભર્યા પ્રશ્નો પૂછ્યા હતા જેના શ્રી સુકેતુ મહેતાએ સહજીકતાથી વિદ્યાર્થીઓને સમજાય તેવી ભાષામાં જવાબો આપ્યા હતા.

સેમિનાર બાદ જે વિદ્યાર્થીઓને થેલેસેમિયા ટેસ્ટ કરાવવાનો હતો તે તમામ વિદ્યાર્થીઓ થેલેસેમિયા ટેસ્ટ માટે કોલેજમાં ઉપસ્થિત રહ્યા હતા અને યુનિવર્સિટી દ્વારા દરેક વિદ્યાર્થીઓ માટે આ ટેસ્ટ વિનામુલ્યે કરાવી આપવાનો હોવાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ ટેસ્ટ માટે રસ દાખવ્યો હતો. બી.સી.એ. કોલેજના કુલ ૩૫૦ વિદ્યાર્થીઓએ થેલેસેમિયાની જાણકારી મેળવવા આ ટેસ્ટ માટે પોતાના લોહીના નમૂના રેડ ક્રોસ સોસાયટીના અધિકૃત ડોક્ટર્સની ટીમને આપ્યા હતા. જેના માટે નિલેષ ભારતીય, ભારત શ્રીમાળી અને મનીષભાઈ ગુપ્તાનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

થેલેસેમિયા સેમિનાર અને કેમ્પને સફળ બનાવવા માટે કોલેજના પ્રાધ્યાપક મિત્રો ડો. નિધિ દિવેચા, ડો. રિચા મહેતા, પ્રો. પૂજા જોશી, પ્રો. કેતન સાળુંકે, પ્રો. યોગેંદ્ર પટેલ અને પ્રો. પલક પટેલનો અમુલ્ય ફાળો રહ્યો હતો.

## જન્મદિને વધામણી



ડેલ્વિના ગૌતમકુમાર અમિન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



મહર્ષ એન મોદી
મો. ૮૧૬૦૯ ૬૫૭૪૦



પંશુલ હિતેશ ચૌધરી

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક




ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા "આઉટરીચ કલ્ચરલ પોગ્રામ" શ્રેણી અંતર્ગત, શ્રાવણમાસ અને શિવભક્તિને અનુરૂપ એક નવતર કાર્યક્રમનું આયોજન "નગર મેં જોગી આયા..." શીર્ષક સાથે કરવામાં આવ્યું હતું . પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શિવની ભક્તિમાં ગુજરાતના જાણીતા સંગીતકાર એવા યોગેશગીરી ગોસ્વામી તથા સાથી કલાકારો દ્વારા શિવ ભક્તિ કરવામાં આવી હતી. શિવ મહિમા વર્ણવતાં ભજનો અને બીજા અલગ-અલગ શિવજીનાં સુંદર ગીતોની રજૂઆત કરવામાંઆવી હતી જેમાં કૈલાશ કે નિવાસી, નગર મેં જોગી આયા, શિવ શક્તિ કે સાદ,શિવ તાંડવ, સોમનાથ મહાદેવની આરતી જેવી રચનાઓ રજુ કરવામાં આવી હતી. મુખ્ય ગાયક રજત મહેતા અને મુખ્ય ગાયિકા અંજલીબેન પ્રજાપતિ ઉપરાંત સુર્યપ્રકાશ સાધુ તબલા પર, મેહુલ રામાનુજ બેન્જો પર અને અંકિતભાઈએ મંજીરા પર સાથ આપ્યો હતો. કાર્યક્રમનું સંગીત સંચાલન અને સંકલન યોગેશગીરી ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. ભવન્સ જે. એ. હોલમાં યોજવામાં આવેલો આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદ્દન નિશુલ્ક હતો. અને ખૂબ જ સારા પ્રમાણમાં શ્રોતાગણે હાજરી આપીને શિવ મહિમાને માણી અને કલાકારોને બિરદાવ્યા હતા.

# આંતરશાળા પ્રાર્થનાગાન સ્પર્ધામાં દિલ્હી પબ્લિક સ્કૂલની ટીમ ઝળકી



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર કલ્ચરલ ફૉરમ દ્વારા આંતરશાળા પ્રાર્થનાગાન સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. નગરની ૨૦ શાળાઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના છાત્રોએ 'હે શારદે મા...' પ્રાર્થનાનું સુંદર ગાન કરીને આ સ્પર્ધામાં દ્વિતીય ક્રમનું વિજેતાપદ અને રૂા. ૧૫ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. છાત્રોને આ વિજય બદલ શાળા પરિવાર વતી આચાર્ય અતનુ રથ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ચાલો, જાતમાં ખોવાયેલા માંહ્યલાને શોધી કાઢીએ




knn786@gmail.com

એક નવા જ પ્રકારની દોડ ચાલી છે : પોતાની જાતને હોંશિયાર સાબિત કરવાની, મશ્કરા સાબિત કરવાની. આશ્ચર્યની વાત એ છે કે આ દોડમાં સ્પર્ધા નથી, છતાં બધાં ભાગ લે છે; આ દોડમાં કોણ જીત્યું ને કોણ હાર્યું એની જાણ નથી થતી છતાં બધાં દોડે છે અને આ દોડમાં ભાગ લેનારને કોઈ ઈનામ પણ નથી મળતું, છતાં બધાં દોડે છે ! હદ તો એ છે કે ઈનામની વાત તો દૂર રહી, આ દોડમાં ભાગ લેનારે તો પોતે નાની-મોટી કિંમત ચૂકવવી પડે છે, તેમ છતાં આ દોડમાં બધાં ભાગ લઈ રહ્યાં છે.

હજારો રૂપિયાનો મોબાઈલ ફોન ખરીદ્યા પછી અને બસો-ચારસો રૂપિયાનું રિચાર્જ કરાવ્યા પછી કે બિલ ભર્યા પછી આ દેશનો માનવી આ દોડમાં ભાગ લે છે. દોડનું નામ છે સોશિયલ મીડિયા પર ઉટપટાંગ સંદેશા વહેતા કરવાની દોડ.

હાલ આ દોડ કાશ્મીર તરફ દોડી રહી છે.

- થોડા દિવસમાં કાશ્મીરના લાલ ચોકમાં ગાંઠીયાની લારી પણ હશે અને કચ્છની પ્રખ્યાત દાબેલી પણ મળશે.
- કુંવારે દોસ્તો કરો તૈયારી, ૧૫ ઓગષ્ટ કે બાદ કાશ્મીર મેં હો સકતી હૈ સસુરાલ તુમ્હારી..!
- કાશ્મીરમાં અત્યારે એવો માહોલ છે કે કોઈ બહારથી દરવાજો ખખડાવે તો પણ અંદરથી અવાજ આવે છે કે "ભારત માતા કી જય"
- ૧ બીએચકે, ૨ બીએચકે, ૩ બીએચકે... મકાનનું બુકિંગ ચાલુ છે, શ્રીનગર એરપોર્ટથી તદ્દન નજીક, વ્યાજબી ભાવથી, કુદરતી આબોહવા, એસી જેવી ઠંડક ના મળે તો પૈસા પાછા...
- કાશ્મીરમાંથી ધારા ૩૭૦ હટી... બસ હવે ગુજરાતમાંથી દારૂબંધી હટે તો "વન નેશન વન પીણુ'. અમલમાં આવે.

શું છે આ બધું? કેવા પ્રકારની દોડ છે આ ? આ દોડની જરૂર જ નથી કે આ દોડ કોઈ બીજી દિશામાં જઈ રહી છે એવું નથી લાગી રહ્યું?

'માનવી શું બોલે છે એના પરથી એ શું વિચારે છે એની જાણ થાય' એવું ડાહ્યાઓ કહી ગયા છે. અત્યારે દેશના માનવીઓ કાશ્મીર વિશે તો આવું બધું કહી રહ્યા છે, તો શું એમની મંશા આવી હશે ?

મજાક કરવી જરૂરી છે, પણ મજાક કરવાનો એક સમય હોય છે એવું આપણે નથી શીખ્યાં ? અત્યારે કાશ્મીરને, કાશ્મીરનાં લોકોને મજાકની જરૂર છે કે સંવેદનાની ? જોક્સની જરૂર છે કે સથવારાની ? ફાલતુ સંદેશાઓની જરૂર છે કે સાચી સહાયની ?

તમે મોંઘો મોબાઈલ ફોન વસાવી-વાપરી શકતા હો ને મેસેજ કરવા જેટલું બિલ પણ ભરી શકતા હો કે રિચાર્જ કરાવી શકતા હો તો કાશ્મીરીઓને રાહત થાય, એ લોકો પણ દેશનો હિસ્સો છે, આપણા ભાઈભાંડુઓ છે એવા મેસેજ કેમ વહેતા નથી થતા ?

કેટલી તકલીફોમાંથી એ લોકો પસાર થયાં છે એ શું આપણે નથી જાણતાં ? એમણે શું ગુમાવ્યું છે એ શું આપણે નથી જાણતાં ? એમની સમસ્યાઓ શું છે એ શું આપણે નથી જાણતાં ? બધું જ જાણીએ છીએ, પણ તેમ છતાં આપણને આપણી મજાક વહાલી છે, આપણને આપણા ફાલતુ મૅસેજ વહાલા છે. ગમે ત્યારે ફૂટી જાય એવા આ ફુગ્ગા જેવા જીવનમાં હસ્યા નહીં તો જિંદગી જીવી નહીં એવું લાગી રહ્યું છે આપણને ને એટલે જીવન જ આપણે હસવા જેવું બનાવી રહ્યા છીએ !

હું અને સમગ્ર દેશ આજે તમારી સાથે છે, અમે તમને સાચવી લઈશું, ચિંતા ના કરશો અમે તમારી સાથે છીએ, આપણે સૌ સાથે મળીને સુખ-શાંતિની સવાર સુધી પહોંચીશું... આવા સંદેશા આપણે કેમ નથી કરી શકતા ? કેમ નથી કરતા ? જવાબ મળશે, 'અમારી લાગણી તો આવી જ છે અને એટલે તો અમે આ કર્યું. ભલે પ્રત્યક્ષ રૂપે અમે નથી કર્યું, પણ અમારા મોકલેલા કેટલાક પ્રતિનિધિઓએ કર્યું, પણ કર્યું તો ખરૂં !'

કેટલાક પ્રતિનિધિઓએ કર્યું એટલે વાત પૂરી થઈ ગઈ ? આપણે આપણી ફરજ નિભાવી લીધી ? એમણે જે કંઈ કર્યું એ સારું કર્યું એવું આપણે ગાઈવગાડીને કહેતાં હોઈએ તો એમણે જે કર્યું એ પછી આપણી ફરજ શું છે એ કેમ નથી કહેતાં આપણે ?

આપણને તો કાશ્મીરમાં પ્લૉટ લેવાની ને કાશ્મીરી યુવતિ સાથે પરણવાની તાલાવેલી લાગી છે, બાકી બધું ગૌણ છે !

છે કોઈ વીર ભારતીય એવો કે જે સોશિયલ મીડિયામાં એવો મૅસેજ વહેતો કરે કે 'રક્ષાબંધન આવી રહી છે, કાશ્મીરી બહેનો તૈયાર થઈ જાઓ, તમારો આ ભાઈ રાખડી બંધાવવા ને રાખડીનો સંબંધ નિભાવવા આવી રહ્યો છે કાશ્મીરમાં.'

છે કોઈ એવો સંવેદનશીલ ઉદ્યોગપતિ કે વેપારી જે સોશિયલ મીડિયાના માધ્યમથી કાશ્મીરને એવી લાગણી પહોંચાડે કે અમે કાશ્મીરમાં કોઈપણ જાતનું કાર્યાલય ખોલ્યા વિના કે ત્યાં કોઈ ઑફિસ ખોલ્યા વિના ત્યાંના નાગરિકો માટે અમે ને અમારી કંપની સમાજસેવા કરવા ઈચ્છીએ છીએ ?

કાશ્મીર નામનું સફરજન બંદિશોના ઝાડ પરથી ખરીને હજુ હાથમાં પણ આવ્યું નથી ને સૌનાં મોમાંથી લાળ ટપકવા માંડી છે. શું ખોટ છે આપણી પાસે ? શું કમી છે આપણી જિંદગીમાં ? શું કામ કાશ્મીર જોઈએ છે કે કે કાશ્મીરની ગલીઓમાં દાબેલી કે ગાંઠિયાની લારી જોઈએ છે ?

આટલાં વર્ષો ખોફમાં જીવ્યા પછી, પોતાની પરિસ્થિતિમાં અચાનક બદલાવ આવ્યા પછી કાશ્મીરીઓનાં મનમાં હજારો સવાલો હશે, અનેક મુંઝવણો હશે, પોતાના જ દેશ પરથી, તંત્ર પરથી, લોકો પરથી ભરોસો ચૂકી ગયેલા એ નાગરિકો કોનો ભરોસો કરી શકશે અથવા કરી શકશે કે નહીં એ બાબતેય ચોક્કસ નથી એવી પરિસ્થિતિમાં એમને જરૂર શેની છે ? તમારા મશ્કરા સંદેશાઓની કે સાચી સંવેદનાની ?

આ આપણી સંસ્કૃતિ નથી, દોસ્ત. આપણે મૂળે આવા તો નથી જ, મિત્ર. નવા જમાનાની આ નવી દોડ છોડીએ ને આપણી જાત તરફ પાછા વળીએ, જાતમાં ખોવાયેલા માંહ્યલાને શોધી કાઢીએ એ જ આજના સમયની આવશ્યકતા છે.



## કાશ્મીરને કાશ્મીર રહેવા દેવું એ આપણા સૌની જવાબદારી છે

કાશ્મીરમાં પ્રવેશ માટેનાં બારણાં ખુલ્યાં નથી ને પ્રવેશવા માટેની હોડ ચાલુ થઈ ગઈ છે. અમે ફૅક્ટરી બનાવીશું, અમે રિસોર્ટ બનાવીશું, અમે હૉટેલ બનાવીશું.....

કાશ્મીરના વિકાસ માટે આ જરૂરી છે, એની ના નહીં. પણ વિકાસ સાથે બદીઓ પણ જોડાયેલી હોય છે એ આપણે ન ભૂલવું જોઈએ. ગાંઠિયાની દુકાન કાશ્મીરમાં ખૂલે એની ના નથી, પણ ભેળસેળવાળું તેલ અને ગંદકી એની ઓળખ છે એય આપણે ન ભૂલવું જોઈએ.

ગીરનું જંગલ યાદ છે ? એ જંગલ આજે ક્યાં છે એની કોઈને ખબર છે ? કચ્છનું સફેદ રણ યાદ છે ? એ રણ અત્યારે ક્યાં છે એની ખબર છેકોઈને ? સ્વરૂપ બદલી નાંખ્યા છે આપણે આ કુદરતી જગ્યાઓનાં એટલો વિકાસ કર્યો છે આ જગ્યાઓનો અથવા એટલી વિપુલ માત્રામાં આપણે ત્યાં પહોંચ્યાં છીએ કે એ જગ્યાએ પોતાની ખુબસૂરતી ને મૌલિકતા ખોઈ નાંખી છે. જાણ્યે-અજાણ્યે આપણે કાશ્મીરનું પણ એ જ કરવા જઈ રહ્યા છીએ. આપણે જો ખરેખર કાશ્મીરને કાશ્મીર રહેવા દેવા ઈચ્છતા હોઈએ તો તેનાથી દૂર રહીએ અથવા તેને પર્યટન કે વિકાસની બદીઓથી બચાવીને ચાલીએ. કાશ્મીર માત્ર વિકાસ ને મોજમજાનું કેન્દ્ર જ નથી, એ આપણી જવાબદારીનું પણ કેન્દ્ર છે એ યાદ રાખીએ.

# હૃદયમંથન

મુંબઈથી નિરાશ થઈ રાજકોટ ગયો. નોખી ઑફિસ ખોલી. કંઈક ગાડું ચાલ્યું. અરજીઓ ઘડવાનું કામ મળવા લાગ્યું, ને દર માસે સરેરાશ ત્રણસેં રૂપિયાની આવક થવા લાગી. આ અરજી ઘડવાનું મળવા લાગ્યું તેનું કારણ મારી હોંશીયારી નહોતું, પણ વગ હતું. વડીલ ભાઈના ભાગીદારની વકીલાત જામેલી હતી. તેમની પાસે બહુ અગત્યની અરજી ઘડવાની આવે અથવા જેને તે અગત્યની માનતા હોય તે તો મોટા બારિસ્ટરની પાસે જાય. તેમના ગરીબ અસીલો હોય તેમની અરજીઓ ઘડવાનું મને મળે.

મુંબઈમાં કમિશન નહીં આપવાની મારી ટેક હતી તે અહીં તૂટી ગણાય. બે સ્થિતિનો ભેદ મને સમજાવવામાં આવ્યો હતો. તે આ હતો: મુંબઈમાં મારે કેવળ દલાલને પૈસા આપવાની વાત હતી; અહીં વકીલને. જેમ મુંબઈમાં તેમ અહીં પણ બધા બારિસ્ટરો વગર અપવાદે આમ અમુક ટકા આપે છે એમ મને બતાવવામાં આવ્યું હતું. મારા ભાઈની દલીલનો ઉત્તર મારી પાસે નહોતો. 'તું જુએ છે કે હું બીજા વકીલનો ભાગીદાર છું.

150 ગાંધીયાત્રા

અમારી પાસે આવે તેમાંના કેસ જે તને આપી શકાય તે આપવાની મારી વૃત્તિ તો રહે જ. પણ જો તું તારી ફીનો ભાગ ભાગીદારને ન આપે તો મારી સ્થિતિ કેવી કફોડી થાય? આપણે સાથે રહીએ એટલે તારી ફીનો લાભ મને તો મળે જ, પણ મારા ભાગીદારને? અને જો તે જ કેસ તે બીજી જગ્યાએ આપે તો તેને ભાગ મળે જ.' આ દલીલથી હું ભોળવાયો ને મને લાગ્યું કે, જો મારે બારિસ્ટરી કરવી હોય તો આવા કેસમાં કમિશન ન આપવાનો આગ્રહ મારે ન રાખવો જોઈએ. હું પીગળ્યો. મારા મનને મનાવ્યું, અથવા સ્પષ્ટ શબ્દોમાં કહું તો, છેતર્યું. પણ આ સિવાય બીજા કોઈ પણ કેસમાં મેં કમિશન આપ્યાનું મને સ્મરણ નથી.

જોકે મારું આર્થિક ગાડું તો ચાલ્યું, પણ જિંદગીનો પહેલો આઘાત આ અરસામાં મળ્યો. બ્રિટિશ અમલદાર એટલે શું એ હું કાને સાંભળતો. નજરોનજર જોવાનું મને હવે મળ્યું.

પોરબંદરના માજી રાણાસાહેબને ગાદી મળી તે પૂર્વે મારા ભાઈ તેમના મંત્રી ને સલાહકાર હતા. તે દરમ્યાન તેમણે રાણાસાહેબને ખોટી સલાહ આપ્યાનું તહોમત તેમની ઉપર હતું. આ ફરિયાદ તે સમયના પોલિટિકલ એજન્ટને મળેલી ને તે મારા ભાઈની સામે ભરમાયા હતા. આ અમલદારને હું વિલાયતમાં મળેલો હતો. ત્યાં તેમણે મારી મૈત્રી ઠીક કરી કહેવાય. ભાઈએ વિચાર્યું કે, આ ઓળખાણનો લાભ લઈ મારે પોલિટિકલ એજન્ટને બે શબ્દો કહેવા ને તેમની ઉપર જે ખરાબ અસર પડી હોય તે ભૂંસવા પ્રયત્ન કરવો. મને આ વાત જરાયે પસંદ ન પડી. વિલાયતની નજીવી ઓળખાણનો મારે લાભ ન લેવો જોઈએ. જો મારા ભાઈએ કાંઈ દૂષિત કાર્ય કર્યું હોય તો ભલામણ શા કામની? જો ન કર્યું હોય તો રીતસર અરજી કરીને અથવા પોતાની નિર્દોષતા ઉપર વિશ્વાસ રાખી નિર્ભય થઈ બેસવું. આ દલીલ ભાઈને ગળે ન ઊતરી. 'તું કાઠિયાવાડને જાણતો નથી. જિંદગીની પણ તને હવે ખબર પડશે. અહીં તો વગે વાવણાં થાય છે. તારા જેવો ભાઈ હોય ને તારા ઓળખીતા અમલદાસને થોડી ભલામણ કરવાનો સમય આવે ત્યારે તું છટકી જાય એ બરોબર ન કહેવાય.'

ભાઈનું મોં ન મૂકી શક્યો. મારી મરજી વિરુદ્ધ હું ગયો. મને અમલદારની પાસે જવાનો કશો અધિકાર નહોતો. જવામાં મારા સ્વમાનનો ભંગ થતો હતો એની મને શુદ્ધિ હતી. મેં મળવાનો વખત માગ્યો; મને મળ્યો; હું ગયો. જૂની ઓળખાણ કાઢી. પણ મેં તુરત જોયું કે વિલાયત અને કાઠિયાવાડમાં ભેદ હતો; પોતાની ખુરશીએ બેઠેલા અમલદાર અને રજા ઉપર ગયેલ અમલદારમાં પણ ભેદ હતો. (ક્રમશઃ)

**'સત્યના પ્રયોગો'માંથી સાભાર**